# Telephone Conversation between PM and the Federal Chancellor of Germany

April 02, 2020

## વડાપ્રધાન અને જર્મનીનાં ફેડરલ ચાન્સેલર વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 02, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જર્મનીનાં ફેડરલ ચાન્સેલર મહામહિમ ડૉ. એંગેલા મર્કેલ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારી, તેઓનાં સંબંધિત દેશોમાં પરિસ્થિતિ, અને આરોગ્યની સમસ્યા સામે લડવા માટે આંતરરાષ્ટ્રિય સંગઠનની અગત્યતા પર ચર્ચા કરી હતી.

તેઓએ મહામારી દરમિયાન આવશ્યક દવાઓ અને તબીબી સાધનોની અપર્યાપ્ત ઉપલબ્ધતા પર તેઓનાં દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું, અને આ બાબતમાં સહકારની શૃંખલાની ખોજ કરવા માટે સંમત થયા હતા.

જર્મન ચાન્સેલર ભારતનાં વડાપ્રધાન સાથે સંમત થયા હતા કે કોવિડ-19 મહામારી આધુનિક ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ ટર્નિંગ પોઇન્ટ છે, અને સમગ્રપણે માનવતાનાં પારસ્પરિક હિતો પર ધ્યાન કેન્દ્રિત કરતા વૈશ્વિકરણનાં નવા વિઝનને ઘડવાની તક ઑફર કરે છે.

વડાપ્રધાને વિશ્વનાં લોકો માટે સાદી યોગ કસરતો અને રોગપ્રતિકારકતા-વર્ધક આયુર્વેદિક ઉપચારોનો પ્રસાર કરવાની તાજેતરની ભારતની પહેલ અંગે મહામહિમ ચાન્સેલરને માહિતગાર કર્યા હતા. ચાન્સેલર સંમત થયા હતા કે આવી પ્રથાઓ મનોવૈજ્ઞાનિક અને શારીરિક આરોગ્ય માટે ખુબ જ લાભકારક બની શકે છે, ખાસ કરીને વર્તમાન લોકડાઉન પરિસ્થિતિઓમાં.

**નવી દિલ્હી**
**એપ્રિલ 02, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.